ખંભાળિયામાં ડ્રાઈવિંગ લાયસન્સ કૌભાંડમાં દુબઈ નાસી છૂટેલો આરોપી ઝડપાયો

દ્વારકા, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચર્ચાસ્પદ બનેલા ડુપ્લીકેટ ડ્રાઈવિંગ લાયસન્સ પ્રકરણમાં એક આરોપી દુબઈ નાસી છૂટ્યા બાદ અહીં પરત આવતા ચોક્કસ બાતમીના આધારે જિલ્લા એસ.ઓ.જી. પોલીસે તેને ખંભાળિયા પાસેથી ઝડપી લીધો હતો. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આજથી આશરે પાંચેક માસ પૂર્વે કેટલાક આસામીઓના બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ કાઢવામાં આવ્યા હોવા અંગેનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. જેના અનુસંધાને જે-તે સમયે સલાયા મરીન પોલીસ મથકમાં નોંધાયેલી પોલીસ ફરિયાદ બાદ આ પ્રકરણમાં ખંભાળિયા તાલુકાના સલાયા ગામે બારલો વાસ વિસ્તારમાં રહેતા અને વહાણવટી વ્યવસાય સાથે સંકળાયેલા મહંમદ સલીમ હુસેન ભોકલનું નામ ખુલવા પામ્યું હતું. ઉપરોક્ત શખ્સ કાયદાકીય કાર્યવાહીથી બચવા માટે દુબઈ નાસી છૂટ્યો હતો. આ શખ્સ દુબઈથી પરત આવ્યો હોવાની માહિતી દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના કોન્સ. ધર્મેન્દ્રસિંહ જાડેજાને મળતા ઉપરોક્ત શખ્સને ખંભાળિયા નજીકના હાઈવે ચાર રસ્તા પાસે આવેલી સરકારી હોસ્પિટલ પાસે ઉભો હોવાની બાતમીના આધારે પર વર્ષિય ઉપરોક્ત શખ્સને પોલીસે દબોચી લીધો હતો. જેની આગવી ઢબે પૂછપરછ કરતા તેણે ડ્રાઈવિંગ લાયસન્સ અંગેનો ગુનો કર્યો હોવાની કબુલાત આપી હતી. આથી પોલીસે તેની અટકાયત કરી, વધુ તપાસ અર્થે સલાયા મારીન પોલીસને સોંપ્યો છે. આ સમગ્ર કામગીરી એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા, એ.એસ.આઈ. મહંમદ બલોચ, હરદેવસિંહ જાડેજા, કિશોરસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા મહાવીરસિંહ ગોહિલ દ્વારા કરવામાં આવી હતી. નાસી છૂટ્યા બાદ અહીં પરત આવતા ચોક્કસ બાતમીના આધારે જિલ્લા એસ.ઓ.જી. પોલીસે તેને ખંભાળિયા પાસેથી ઝડપી લીધો હતો. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આજથી આશરે પાંચેક માસ પૂર્વે કેટલાક આસામીઓના બોગસ ડ્રાઈવિંગ લાયસન્સ કાઢવામાં આવ્યા હોવા અંગેનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું.

|| Shree Ganeshaya Namah||

NANDINI TEXCOM (INDIA) LIMITED

CIN: L65910GJ1994PLC021165

Reg. Office: B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat-395002.

Tel:0261-4004596 Email: nandinitexcom@hotmail.com, website: nandinitex.com

STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH SEPTEMBER, 2022

(Rs. in Lacs)

PARTICULARS	QUARTER ENDED			Half Year Ended		Year ended
	30-09-2022	30-06-2022	30-09-2021	30-09-2022	30-09-2021	31-03-2022
	(Un-Audited)	(Un-Audited)	(Un-Audited)	(Un-Audited)	(Un-Audited)	(Audited)
PART I						
1. Net Income from Operation	1,898.81	1,774.46	2,314.63	3,673.27	2,314.63	4,702.99
2. Expenditure						
a. Consumption of Raw Material	-	-	-	-	-	-
b. Purchase of Stock-in-Trade	2,088.03	1,218.08	2,141.08	3,306.11	2,141.08	4,394.88
c. Change in Inventories of Finished	-	-	-	-	-	
Goods & Work-in-progress	(469.71)	318.64	(66.58)	(151.07)	(66.58)	(195.91)
d. Employees Benefits Expenses	48.37	5.92	11.11	54.29	11.11	24.81
e. Depreciation	-	-	-	-	-	5.72
f. Other Expenses	204.69	58.05	54.28	262.74	54.28	219.08
g. Total Expenditure	**1,871.38**	**1,600.70**	**2,139.89**	**3,472.07**	**2,139.89**	**4,448.58**
Income, Interest & Exceptional Items(1-	**27.43**	**173.76**	**174.74**	**201.20**	**174.74**	**254.41**
4. Other Income	0.04	-	0.03	0.04	0.03	2.12
Exceptional Items (3+4)	**27.47**	**173.76**	**174.77**	**201.24**	**174.77**	**256.52**
6. Financial Cost	15.38	10.31	29.08	25.69	29.08	53.35
Exceptional Items (5-6)	**12.09**	**163.45**	**145.69**	**175.55**	**145.69**	**203.17**
8. Exceptional Item	-	-	-	-	-	-
Activities before Tax (7+8)	**12.09**	**163.45**	**145.69**	**175.55**	**145.69**	**203.17**
10. Taxation Expenses			-	-	-	
a. Current Tax		-	-	-	-	57.75
b. Deferred Tax Liability/(Assets)	-	-	-	-	-	1.20
c. Total Tax Expenses	**-**	**-**	**-**	**-**	**-**	**58.95**
activities after tax (9-10)	**12.09**	**163.45**	**145.69**	**175.55**	**145.69**	**144.22**
12. Extraordinary Items	-	-	-	-	-	-
13. Net Profit/(Loss) for the period (11-	**12.09**	**163.45**	**145.69**	**175.55**	**145.69**	**144.22**
14. Paid up Equity Share capital	50.00	50.00	50.00	50.00	50.00	50.00
(Face value of Rs. 1/- each per share)			-	-	-	
as per previous Balance Sheet			-	-	-	
16. Earning Per Share			-	-	-	
Before Extraordinary Items			-	-	-	
a. Basic & Diluated EPS	0.24	3.27	2.91	3.51	2.91	2.88
After Extraordinary Items			-	-	-	
a. Basic & Diluted EPS	0.24	3.27	2.91	3.51	2.91	2.88

NOTES
1. The above unaudited results have been reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meeting held on 10th November, 2022
2. The company is not carriying any segment in its buiness activities therefore no segment reporting has been done.
3. Previous Period's/Year's figures have been regrouped /recast wherever necessary to make them comparable with those of the current period.

FOR, NANDINI TEXCOM (INDIA) LIMITED
SD/-
ASHOKKUMAR TEKRIWAL
Director

Place : Surat
Date : 10/11/2022

(Rs. in Lacs)

Statement of Assets and Liabilities	Unaudited		Audited
Particulars	Six Months Ended	Six Months Ended	Year Ended
	30-09-22	30-09-21	31-03-22
I. EQUITY AND LIABILITIES			
(1) Shareholder's Funds			
(a) Share Capital	500.01	500.01	500.01
(b) Reserves and Surplus	528.94	354.86	353.39
(2) Non-Current Liabilities			
(a) Long-term borrowings	376.20	277.57	45.26
(b) Deferred tax liabilities (Net)	-	-	-
(c) Other Long Term Liabilities	-	-	-
(d) Long term provisions	-	-	-
(3) Current Liabilities			
(a) Short-Term borrowings	562.33	710.27	924.33
(a) Trade payables	11.56	143.51	27.38
(b) Other current liabilities	66.91	76.06	7.39
(c) Short-term provisions	-	-	57.75
Total	2,045.94	2,062.28	1,915.51
II.Assets			
(1) Non-current assets			
(a) Fixed Assets	95.46	31.97	95.46
(b) Non-current investments	-	-	-
(c) Deferred Tax Assets (Net)	-	1.20	-
(d) Long term loans and advances	-	0.87	-
(e) Other non-current assets	-	-	
(2) Current assets			
(a) Current investments	-	-	-
(b) Inventories	976.02	695.62	824.95
(c) Trade receivables	922.13	716.61	308.65
(d) Cash and cash equivalents	0.36	0.21	1.09
(e) Short-term loans and advances	51.97	615.79	685.36
Total	2,045.94	2,062.28	1,915.51

NOTES
1. The above unaudited results have been reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meeting held on 10th November,2022.
2. The company is not carriying any segment in its buiness activities therefore no segment reporting has been done.
3. Previous Period's/Year's figures have been regrouped /recast wherever necessary to make them comparable with those of the current period.

FOR, NANDINI TEXCOM (INDIA) LIMITED
SD/-
ASHOKKUMAR TEKRIWAL
Director

Place : Surat
Date : 10/11/2022

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Home Finance રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ- ૪૦૦૦૫૯

બ્રાન્ચ ઓફિસ : ૧લો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસ્સા, એલ.જી. શૉરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા- ૩૮૦૦૦૯.

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સ્મેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણાં ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો કબ્જો જણાવેલ તારીખે લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ પાસે આ મિલ્કતો ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	કનુભાઈ ડી લડુમોર (કરજદાર), વિલાસબેન કનુભાઈ લડુમોર (સહ-કરજદાર)- **LHABD00001295471**	૪થો માળ, વિશાલ એમ્પાયર બ્લોક/એ.એસ.પી. રીંગ રોડ, નરોડા દહેગામ રોડ પાસે, રાણસર ટોલ પ્લાઝા નરોડા, નરોડા ૬૩૬૪ ૪૧૧- અમદાવાદ, ગુજરાત- ૩૮૨૩૩૦. કબ્જાની તારીખ - ૦૬- નવો.- ૨૦૨૨.	૧૦-૦૫- ૨૦૨૧ રૂા. ૧૩,૦૨,૧૫૬/-	અમદાવાદ - (વેસ્ટ)- બી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૧૧ નવેમ્બર, ૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

તારાપુરમાં ટ્રક પલટી જતાં ટાઈલ્સ નીચે દબાતાં ત્રણના મોત, આઠ ગંભીર રીતે ઘવાયા

આણંદ, આણંદના તારાપુરમાં ટાઈલ્સ ભરી પુરપાટ ઝડપે જતી ટ્રક અચાનક માર્ગ પર જ પલટી ગઈ હતી. જેના કારણે રસ્તો ક્રોસ કરી રહેલા એક જ પરિવારના દસેક સભ્યો ટાઈલ્સ નીચે દબાઈ ગયાં હતાં. જેમાં ત્રણના ઘટના સ્થળે મોત નિપજ્યાં હતાં. જ્યારે આઠ જેટલી વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આણંદ જિલ્લામાંથી પસાર થતા વાસદ બગોદરા હાઈવે પર અવાર નવાર જીવલેણ અકસ્માત સર્જાયા કરે છે. તારાપુર ચોકડી પાસે સવારે મોરબીથી ટાઈલ્સ ભરેલી ટ્રકના ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા તે પલટી ગઈ હતી. જેના કારણે રસ્તો ક્રોસ કરવા ઉભેલા આઠથી દસ વ્યક્તિ તેની નીચે દબાઈ ગયાં હતાં. જેમાં ત્રણના મોત નિપજ્યાં હતાં. વ્હેલી સવારે બનેલા આ બનાવના પગલે ઘાયલોની ચિચિયારીથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. આથી, આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને બધાને બહાર કાઢી ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલ્યાં હતાં. આ ઘટનાના પગલે તારાપુર પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં સુરત સ્થાયી થયેલા અને રાજુલા વતની એક જ પરિવારના સભ્યો દિવાળીના વેકેશનમાં વતન ગયાં હતાં. જ્યાં તેઓ પરત સુરત જવા નિકળ્યાં હતાં. તારાપુર પાસે સીએનજી પુરવા માટે તેમનું વાહન ઉભુ હતું. આ સમયે રસ્તાની સામેની બાજુ આવેલી હોટલમાં તેઓ ચા પીવા ઉતર્યાં હતાં અને રસ્તો ક્રોસ કરવા જઈ રહ્યાં હતાં. તે દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. આ અંગે સ્થાનિકોના જણાવ્યાનુસાર, મોરબી તરફથી આવતી ટાઈલ્સ ભરેલી ટ્રક હાઈવે પરથી પસાર થઈ રહી હતી. તે દરમ્યાન તારાપુર મોટી ચોકડી પાસે ચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવતા ભારે વજન ભરેલી ટ્રક રોડની સાઈડમાં ચા પીવા માટે ઉભેલા લોકો પર યમરાજ બનીને ત્રાટકી હતી. જેમાં એક સાથે ત્રણ વ્યક્તિના ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે ૮ જેટલા લોકોને વધતાં ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી હતી જેમને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં મોતને ભેટેલા બે બાળકો અને એક વૃદ્ધ પુરુષ એકજ પરિવારના સભ્યો હતાં. આ પરિવાર મૂળ અમરેલીના રાજુલાના વતની હતો. જે ધંધા રોજગાર અર્થે સુરત સ્થાઈ થયેલા હતા. જે દિવાળીનો તહેવાર વતનમાં ઉજવીને સુરત પરત ફરતા હતા અને તારાપુર ચોકડી પાસે ચા પીવા માટે ઊભા રહ્યા અને આ ગોઝારી ઘટના બની હતી. જેમાં એકજ પરિવારના ત્રણ વ્યક્તિઓ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ અંગે ગુનો નોંધવવાની તજવીજ હાથ ધરી છે.

સુરતમાં પોલીસ સ્ટેશનની બાજુમાં ૧૦ બાઈકમાં આગ લાગતા ખાખ, કારણ છે અકબંધ

સુરત, સુરતના ચોક બજાર વિસ્તારમાં આવેલ અઠવા પોલીસ સ્ટેશનની બાજુમાં રાખવામાં આવેલી બાઈકોમાં અચાનક આગ લાગી હતી. અઠવા પોલીસે ગુનાના કામમાં કબજે કરેલી ૧૦ જેટલી બાઈકમાં રાત્રે આગ ભભૂકી ઊઠી હતી. બાઈકમાં આગ લાગતા રાત્રે અફરાતફરી જેવો માહોલ સર્જાઈ ગયો હતો. આગને પગલે ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી આગ કાબુમાં લીધી હતી. જોકે આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી.

સુરતના ચોક બજાર વિસ્તારમાં આવેલ અઠવા પોલીસ સ્ટેશનની બાજુમાં ૧૦ જેટલી બાઈકમાં આગ લાગી ગઈ હતી. રાત્રે પોલીસ સ્ટેશનની બાજુમાં રહેલ ખુલ્લી જગ્યામાં રાખવામાં આવેલી બાઈકમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. એક બાઈકમાં આગ લાગતા અન્ય ૧૦ બાઈકને ઝપેટમાં લઈ લીધી હતી. રાત્રીએ ૧૦ જેટલી બાઈકમાં એક સાથે આગ લાગતા અફરાતફરી જેવો માહોલ સર્જાઈ ગયો હતો. સુરતના અઠવા પોલીસ મથકની બાજુમાં રહેલ ખુલી જગ્યામાં પાર્ક કરાયેલી જે બાઈકોમાં આગ લાગી ગઈ હતી.તે તમામ બાઈકો પોલીસ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ માંથી કબજે કરાયેલી હતી.અઠવા પોલીસ દ્વારા જુદા જુદા ગુનાના કામમાં કબજે કરવામાં આવેલી બાઈકો, મોપેડ, કાર અહીં ખુલી જગ્યામાં રાખવામાં આવી છે. જેમાંથી રાત્રે અચાનક ૧૦ જેટલી બાઈકો સળગી ઊઠી હતી. પોલીસે દારૂ, જુગાર, ચોરી, લૂંટ અને બિનવારસી જેવા ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાયા બાદ કબજે કરાયેલી બાઈકો હતી. બાઈકમાં આગ લાગવાની ઘટના બનતા જ અફરાતફરી જેવો માહોલ સર્જાઈ ગયો હતો. ઘટનાને પગલે પોલીસ અને સ્થાનિક દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. રાત્રે ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી આવી હતી. પાંચ ફાઈટરની ટીમ ઘટના સ્થળે પહોંચી ગણતરીના સમયમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. જોકે આગ કયા કારણોસર લાગી તે તો જાણી શકાયું ન હતું. પરંતુ ફાયર વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ ગુનામાં કામમાં કબજે કરાયેલી બાઈકો લાંબા સમયથી પડી રહી હોવાથી ક્યાંક પેટ્રોલ લીકેજના કારણે આ ઘટના બની હોવાનું અનુમાન સેવવામાં આવી રહ્યું છે. એક બાઈકમાં આગ લાગ્યા બાદ તેની ઝપેટમાં એક સાથે જુદી જુદી ૧૦ જેટલી બાઈકો આવી ગઈ હતી. જેને લઈ આગે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોકે ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થવા પામી નથી.

યુવતીને ભગાડી જનાર યુવાનના બનેવીએ યુવતીના પિતાને ધમકી આપી ૧૦ લાખ માંગ્યા

પાટણ, ચાણસ્માની યુવતીને એક વર્ષ અગાઉ ભગાડનાર યુવાનના બનેવીએ યુવતી પાછી જોઈતી હોય તો રૂ.૧૦ લાખની માંગણી કરી મોબાઈલ ફોન પર જાનથી મારી નાખવાની ધાક ધમકી આપી હોવાની ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ચાણસ્મા શહેરના ત્રિભોવનગર ખાતે રહેતા અરવિંદભાઈ દેવજીભાઈ પટેલની મોટી દિકરીએ એકાદ વર્ષ પહેલા સાગર ભરતભાઈ ચૌધરી(પટેલ) રહે.ચીખલી તા.નવસારી સાથે ભાગીને પ્રેમલગ્ન કરેલ હતા. તેઓની શોધખોળ કરતા સાગરના બનેવી ધવલકુમાર એમ.પટેલ રહે. વૃંદાવન પાર્ક સોસાયટી વડાગામ તા.ધનસુરાનો અરવિંદભાઈના સાળા ભવનભાઈ હીરાલાલ પટેલ રહે.ચાણસ્માએ સંપર્ક કરી મળવા ગયા હતા તે વખતે રાજીખુશીથી સાગર સાથે પરણાવવા તૈયારી દર્શાવી દિકરીને પાછી મોકલી આપવા કહ્યુ હતુ. પરંતુ ધવલભાઈએ અરવિંદભાઈને ફોન પર અપશબ્દો બોલી તારા સાળા ભવનને બહુ પાવર છે તેને ચાણસ્માથી ઉપાડી જઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તમારી દિકરી પાછી જોઈતી હોય તો રૂ.૧૦ લાખ આપવા પડશ. અરવિંદભાઈએ ચાણસ્મા પોલીસ મથકે શખ્સ ધવલભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી.

સુરત પોલીસ કમિશનર કચેરીમાં પત્નીઓ જાહેરમાં બાખડી,પતિ ગાયબ થતા મારામારી

પતિ,પત્ની અને વોના ઝઘડાઓ અવારનવાર થતાં હોય છે. ત્યારે ઘરમાં થતાં આવા ઝઘડાઓની જગ્યાએ સુરત પોલીસ કમિશનર કચેરીમાં બે મહિલાઓ બથંબથી કરવા લાગી હતી. જો કે, પોલીસે સમગ્ર મામલો સંભાળી લઈને બન્નેને શાંત કરવા પ્રયત્ન કરી પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, આ બન્ને મહિલાઓ પતિ પલાયન થતા આવી છે. પતિ બન્નેના ત્રાસના કારણે પતિ નાસી ગયો હોવાથી બન્ને પોલીસ કમિશનર કચેરી ખાતે ફરિયાદ કરવા માટે પહોંચી હતી. જો કે, પોલીસ કમિશનર કચેરીના પટાંગણમાં જ બન્ને મહિલાઓ વચ્ચે કોઈ મુદ્દે ચડસાચડસી થઈ હતી. વાત બન્ને વચ્ચે એટલી હદે વધી ગઈ કે, મામલો મારામારી પર અને એકબીજા પર પથ્થરમારા સુધી પહોંચી ગયો હતો. જેથી પોલીસે પગલાં લેવાની ફરજ પડી હતી. પોલીસ કમિશનર કચેરીમાં જાહેરમાં ઝઘડો કરનાર બન્ને મહિલાઓએ સ્થળ પર પોલીસને કંઈ ભળતી વિગતો આપી અને અરજી લખતી વખતે કંઈ બીજી જ વિગત આપી હતી. જેમાં ઝઘડાનું કારણ કંઈક અલગ અલગ બતાવી રહી છે. એક મહિલાએ કહ્યું કે, મારા પતિને કેમ ફોન કરે છે. તેને કેમ ફસાવ્યો છે. એવું કહ્યું એટલે ઝઘડો કર્યો હતો. જ્યારે બીજીએ કહ્યું કે, મારો પતિ ગૂમ હોવાથી હું અહિં આવી હતી. હાજર પોલીસના જવાનોએ કહ્યું કે, બન્ને મહિલાઓ છેલ્લા બે દિવસથી આવતી હતી.

પૂર્વ મંત્રી કુંવરજી બાવળીયાએ બેઠક યોજી, જસદણ-વિંછીયા બેઠક પર ચૂંટણી લડવાના સંકેત

ાજકોટ

વિધાનસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણી પૂર્વેથી જ ચર્ચામાં રહેલી રાજકોટ જિલ્લાની જસદણ વિંછીયા વિધાનસભા બેઠક પર ભાજપે પોતાના ઉમેદવાર જાહેર કરતા પૂર્વે જ પૂર્વ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પ્રચાર શરૂ કરી દીધો છે. પૂર્વ મંત્રી કુંવરજી બાવળીયાએ જસદણ અને વિંછીયા વિસ્તારના અલગ અલગ આગેવાનો સાથે ઓટલા બેઠક શરૂ કરી દીધી છે. જેમાં તેઓ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર અને જીત માટેના સમીકરણોની વ્યૂહરચના ઘડવાનું શરૂ કરી દીધું છે. આ જોતા જસદણ વિંછીયા બેઠક પરથી ભાજપ કુંવરજી બાવળીયાને આ બેઠક પરથી રિપીટ કરી ફરી ચૂંટણી લડાવશે તેવા પ્રબળ સંકેતો મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કુંવરજી બાવળીયા પાછલી ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી વિજેતા બની પક્ષપલટો કરી ભાજપમાં પ્રવેશ કરી ફરી ભાજપમાંથી પેટા ચૂંટણીમાં વિજેતા બન્યા હતા. જો કે આ વખતે ત્રિપાંખિયા જંગ વચ્ચે કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય ભોળાભાઈ ગોહિલને ઉમેદવાર જાહેર કરતા આ વખતની ચૂંટણી રસાકસી ભરી જોવા મળશે. જસદણ વિધાનસભા બેઠક માટે છેલ્લી પેટાચૂંટણીથી લઈને અત્યાર સુધીમાં છેલ્લા ૪ વર્ષમાં કુલ ૨૪ હજાર નવા મતદારોનો ઉમેરો થયો છે. જસદણ બેઠક માટે ગત ડિસેમ્બર-૨૦૧૮ માં યોજાયેલી પેટાચૂંટણીમાં ૧,૨૨,૧૮૦ પુરૂષ મતદારો હતા. જેમાં ૧૧,૮૩૨ મતદારોનો વધારો થતાં અત્યારની ચૂંટણી માટે ૧,૩૪,૦૧૨ મતદારો નોંધાયેલા છે.જયારે ૧,૦૯,૯૩૬ સ્ત્રી મતદારો હતા. જેમાં ૧૨,૩૪૧ મતદારોનો વધારો થતા અત્યારે ૧,૨૨,૨૭૭ મતદારો નોંધાયેલા છે. ૨૦૧૮ ની પેટાચૂંટણીમાં સ્ત્રી અને પુરૂષ મળી કુલ ૨,૩૨,૧૧૬ મતદારો નોંધાયેલા હતા. જ્યારે અત્યારની ડિસેમ્બર-૨૦૨૨ ની સામાન્ય ચૂંટણી માટે કુલ ૨,૫૬,૨૮૯ મતદારો નોંધાયેલા છે. આમ ગત ૨૦૧૮ ની પેટાચૂંટણીની સરખામણીએ છેલ્લા ૪ વર્ષ દરમિયાન કુલ ૨૪,૧૭૩ મતદારોનો ઉમેરો થયો છે. બીજીબાજુ ગત પેટાચૂંટણીમાં કુલ ૨૫૬ મતદાન બુથ હતા. જેમાં આ વખતે ૫ બુથનો વધારો થતાં અત્યારે ચૂંટણીમાં કુલ ૨૬૧ મતદાન મથકો નોંધાયેલા છે. વિંછીયા ગામમાં ૧૦ મતદાન મથકો હતા.જેમાં ૨ મતદાન મથકનો ઉમેરો થતા ૧૨ મતદાન મથકો થયા છે. જ્યારે જસદણ શહેરમાં પહેલા ૩૧ મતદાન મથકો હતા. જેમાં ૨ નવા મતદાન મથકનો ઉમેરો થતાં ૩૩ મતદાન મથકો થયા છે. જ્યારે ભડલીમાં એક મતદાન મથક વધતા ૩ ને બદલે ૪ મતદાન મથકો થયા છે. જસદણ વિધાનસભા બેઠક માટે જસદણ ચૂંટણી તંત્રમાંથી જુદી-જુદી ૧૩ વ્યક્તિઓએ અત્યાર સુધીમાં ફોર્મ ઉપાડ્યા છે. ૭૨ જસદણ વિધાનસભા બેઠક માટે જસદણ ચૂંટણી શાખામાંથી ભાજપના દાવેદાર ગજેન્દ્રભાઈ પ્રાગજીભાઈ રામાણીએ ભાજપના ઉમેદવાર તરીકે ત્રણ ફોર્મ ગઈકાલે ઉપાડ્યા હતા. ઉપરાંત ભોળાભાઈ ભીખાભાઈ ગોહિલે કોંગ્રેસના નામે ચાર ફોર્મ ઉપાડ્યા છે. જ્યારે કોળી સમાજના નેતા શામજીભાઈ ડાંગરે અપક્ષ તરીકે તેમજ રણજીતભાઈ ગોહિલે કોંગ્રેસ પક્ષ તરીકે ફોર્મ ઉપાડ્યા છે. જસદણ બેઠકની ઉમેદવારી કરનારા ઉમેદવાર માટે ચૂંટણી પંચ દ્વારા ૨૦૧૮ ની પેટા ચૂંટણીમાં રૂ.૨૮ લાખની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. જો કે આવનારી સામાન્ય ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા રૂ.૪૦ લાખની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ સામાન્ય ચૂંટણી માટે કુલ ૨,૫૬,૨૮૯ મતદારોને મતાધિકાર ભોગવવાની તક મળશે.

મોરબી ઝૂલતો પૂલ દુર્ઘટનાના મૃતકોને સંતો-મહંતોએ શ્રદ્ધાંજલિ આપી

મોરબી, મોરબીનો ઝૂલતો પુલ તૂટી પડતા સર્જાયેલી ગોઝારી દુર્ઘટનામાં ૧૩૫ નિર્દોષ લોકોના મોત થયા હોઈ જે દુર્ઘટનાને પગલે વિવિધ સંસ્થાઓ દ્વારા મોરબી શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. ત્યારે મોરબીમાં મોરારી બાપુ સહિતના સંતો મહંતોની હાજરીમાં કબીરધામ ખાતે શોકાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. મોરબી કબીર આશ્રમ ખાતે ઝુલતા પુલ દુર્ઘટનાના મૃતકોની આત્માની શાંતિ અર્થે શોકાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.

જે શોકાંજલિ કાર્યક્રમમાં મોરારી બાપુ, પીઠાધીશ્વર ૧૦૦૮ મહામંડલેશ્વર કણીરામબાપુ દૂધરેજ વડવાળા ધામ, મહામંડલેશ્વર ૧૦૦૮ લલિતકિશોર બાપુ મોટા મંદિર લિંબડી, સત્તાધાર ધામ મહંત વિજયદાસજી બાપુ, જલારામ મંદિર વીરપુર રઘુરામબાપા લાલજી મહારાજ જગ્યા સાયલા મહામંડલેશ્વર દુર્ગાદાસજી મહારાજ, સૌરાષ્ટ્રની દેહાણ જગ્યાના મહામંડલેશ્વરો, મહંતો, તમામ સંતો, વિવિધ જ્ઞાતિના આગેવાનો, વિવિધ સંગઠનો, સેવાભાવી સંસ્થાઓ તેમજ સાંસદ મોહનભાઈ કુંડારિયા, મંત્રી બ્રિજેશભાઈ મેરજા અને પૂર્વ ધારાસભ્ય કાન્તિલાલ અમૃતિયા સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મોરબી શોકાંજલિમાં આવેલા પૂજય મોરારી બાપુએ જણાવ્યું હતું કે, મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા, ઘાયલ છે તે જલ્દી સ્વસ્થ થાય અને પરિવારને સાંત્વના પાઠવવા સંતો મહંતો આવ્યા છે.

आज़ादी का अमृत महोत्सव

પશ્ચિમ રેલવે
Western Railway

તમે હો કે તમારા પશુ, સૌની ક્ષેમકુશળતા છે જરૂરી તો રેલવે ના પાટાથી અંતર રાખવું પણ જરૂરી

ખુલ્લા પશુઓ માટે શું ના કરવું

પાટાઓ ઓળંગશો નહીં

તમારા પશુઓને લઈને પાટા પર ચાલશો નહીં

તમારા પશુઓને રેલ્વે ના પાટા પર ચાલવા ના દો

તમારા પશુઓને રેલવે પાટા પાસે ચરવા ના દો

સાવધાન !

ટ્રેક પર પ્રાણીઓ અને માનવીઓનો અનધિકૃત પ્રવેશ ઈજા અને જાનહાનિનું કારણ બની શકે છે

રેલવે અધિનિયમ મુજબ, પશુઓના માલિકોને કલમ ૧૫૪ હેઠળ (ઇરાદાપૂર્વકના કૃત્ય અથવા અવગણના દ્વારા રેલવેમાં મુસાફરી કરતી વ્યક્તિઓની સલામતીને જોખમમાં મૂકવા બદલ ૧ વર્ષની કેદ અથવા દંડ અથવા બંને સાથે) અને કલમ ૧૪૭ હેઠળ (ટ્રેસપાસ અને અપરાધનો ઇનકાર કરવા બદલ ૬ મહિનાની કેદની સજા અથવા ₹ ૧૦૦૦/- નો દંડ અથવા બંને સાથે) દંડિત કરી શકાય છે.



www.wr.indianrailways.gov.in /WesternRly